આદિજાતિ વિસ્તારમાં આવેલ ૨૪ ડ્રાય હોસ્ટેલનાં કોલેજ કક્ષાના વિદ્યાર્થી દીઠ રૂા.૬૦૦/-લેખે નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા માટે નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત..

આદિજાતિ વિકાસ કમિશ્નરની કચેરી
ગુ. રા. ગાંધીનગર.
ઈ.નં. ૮૯૪
તા. ૨૧/૫/૦૮

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : પવછ/૧૫૦૭/ન.બા./ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : /૦૫/૨૦૦૮

14 MAY 2008

વંચાણે લીધા :-

૧. કમિશનરશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તાઃ ૨૦/૧૨/૦૭નો પત્ર નં- આવિ /છતલ/૦૨/ ૦૭-૦૮/૩૦૨૪ થી ૩૦૨૫

ઠરાવ :-

આદિજાતિ વિસ્તારમાં આવેલ ૨૪ ડ્રાય હોસ્ટેલનાં કોલેજ કક્ષાના વિદ્યાર્થી દીઠ અગાઉ આપવામાં આવતી માસિક રૂા.૫૦૦/- ની નિભાવ ગ્રાન્ટમાં રૂા.૧૦૦/- નો વધારો કરીને રૂા.૬૦૦/-લેખે નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા માટે રૂા. ૩૦.૦૦ લાખની નવી બાબતનો વર્ષ ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ છે. કમિશનરશ્રી આદિજાતિ વિકાસ ગાંધીનગરએ વંચાણે લીધા ક્રમ-૧ માં નિર્દિષ્ટ પત્રથી આ નવી બાબતને વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરી છે. ઉક્ત દરખાસ્ત અન્વયે કાળજી પુર્વકની વિચારણાના અંતે વર્ષ-૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં સમાવિષ્ટ આ નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ યોજના અંગેનું ખર્ચ તાઃ૧/૪/૦૮થી કરવાનું રહેશે.

(૨) સને ૨૦૦૮-૦૯ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) યોજનાઓના ઠરાવની મુળ શરતો / જોગવાઇ યથાવત રહેશે અને આ અંગેના વધારાનો કોઇ ખર્ચ મળવા પાત્ર થશે નહી.

૨. આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંકઃ ૯૬, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ:પેટા સદર-૦૨-અનુસૂચિત જનજાતિનું કલ્યાણ, ગૌણસદર :૭૯૬: આદિજાતિ વિસ્તા ૨ પેટા યોજના બીસીકે-૧૭૪ કોલેજ કક્ષાના વિધાર્થીઓ માટે ૨૪ ડ્રાય હોસ્ટેલોના નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે તેમજ તે સદરે ઉધારવાનો રહેશે.

૩ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા:૩૧/૦૩/૨૦૦૮ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.એચ. ભટ્ટ)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- મહામહિમ રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- સચિવશ્રી, આ.વિ.વિ.ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી , અમદાવાદ/ રાજકોટ,
- નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.વિ./ બજેટ શાખાસચિવાલય,ગાંધીનગર(આર.ઇ.રજુ કરતી વખતે ડ્રાય હોસ્ટેલની સંખ્યા ૨૪ પ્રમાણે ખર્ચ રજુ કરવામાં આવશે જેને મંજુર રાખવા વિનંતી છે. )
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ )
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ )
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ)
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ )
- બજેટ (છ) શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
- સિલેકટ ફાઇલ.

RAVAL- PVCHII-1507-NBA-7-G-CHO-508